# કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)

ગુજરાત રાજય

(Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાનતકો,અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫

બ્લોક નં. ૧૬ ભોયતળીયે,ડૉ. જીવરાજ મહેતા ભવન,સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૧૦

---

કેસ નં. ૫૩૨/૨૦૧૫ ક્રમાંક કમિ/ અપગ/૨૦૧૬-૧૭/

તા. / / ૨૦૧૬

**અરજદારઃ-**

**પરબતસિંહ ચંદ્રસિંહ રાવલજી,**

નવો વાસ,પ્રફોલીત સોસાયટી સામે,

રખીયાલ ગામ, અમદાવાદ

## વિરૂઘ્ઘ

**સામાવાળાઃ-**

(૧) **ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચઇન્સ્ટીટયુટ,**
સીવીલ હોસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ

(૨) **નિયામકશ્રી,**
અંધજન મંડળ,વસ્ત્રાપુર, અમદાવાદ

(3) **સ્વયંસિઘ્ઘા વિકલાંગ ઉત્કર્ષ મંડળ ,**
અમદાવાદ

# હુકમ

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય,હસ્તકના મુખ્ય વિકલાંગ કમિશ્નરશ્રી નવી દિલ્હીનાતા.૩/૧૨/૨૦૧૫ ના પત્ર ક્રમાંક કેસ નં. ૫૪૪૮/ ૧૦૨૩ /૨૦૧૫/R/૩૧૫૬ અને તા.૨૯/૨/૨૦૧૬ ના પત્ર ક્રમાંક કેસ નં. ૫૭૪૯/ ૧૧૫૦/૨૦૧૬/R ૩૫૯ સાથે અરજદારશ્રી પરબતસિંહચંદ્રસિંહ રાવલજી, અમદાવાદ ની તારીખ વગરની અરજીનિયમોનુસારની કાર્યવાહી અર્થે મળેલ છે.

૨/- શ્રી પરબતસિંહ રાવલ વિકલાંગ અરજદાર છે તેઓએ અરજી સાથે વિકલાંગતાનું પ્રમાણપત્ર સામેલ રાખેલ છે.તેઓની અરજી વિકલાંગ ધારો , (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી ધારો) ૧૯૯૫ અન્વયે કેસ નં. ૫૩૨/

૨૦૧૫ થી નોંધણી કરી સબંધિતોને નોટીસ કાઢી સુનાવણી માટે તા.૨૦/૧૧/૨૦૧૬ ના મુદત રાખવામાં આવેલ.

3/- પ્રસ્તુત કેસની સુનાવણી તા.૨૦/૧/૨૦૧૬ અને તા.૨૦/૨/૨૦૧૬ ના રોજ સુનાવણી હાથ ધરી સંબધિતોની રજૂઆત લેખિત અને મૌખિક સાંભળવામાં આવી.

૪/- શ્રી પરબતસિંહચંદ્રસિંહરાવલધ્વારા આ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થઇ રજૂઆત કરવામાં આવેલ કે તેઓ તા.૧૦/3/૨૦૧૧ થી તા.૧૦/03/૨૦૧૪ સુધી સ્વંયસિધ્ધા વિકલાંગ ઉત્કર્ષ મંડળ, અમદાવાદ તરફથી એમ.પી.શાહ, કેન્સર રિસર્ચ ઇન્સ્ટીટયુટ સિવીલ હોસ્પિટલ કમ્પાઉન્ડ,અસારવા,અમદાવાદ ખાતે માસિક રૂ.૪000/-ના પગારથી કેશીયર તરીકે કામગીરી બજાવેલ છે. છેલ્લે તેઓને માસિક પગાર રૂ. ૫૯00/- મળતો હતો તેઓને તા.૧૦/03/૨૦૧૪ ના રોજ થી કોઇ પણ કારણ દર્શાવ્યા સિવાય કામ પર આવવાની ઈન્સ્ટીટયુટધ્વારાના પાડવામાં આવેલ છે. તેઓએ લેખિત / મૌખિક રજૂઆતથી ગુજરાત કેન્સર રીસર્ચઇન્સ્ટીયુટનાવહીવટી અધિકારીશ્રી એન.ટી. ચાવડાની કિન્નાખોરીનો ભોગ બનેલ હોવાનું જણાવી તથા તેઓના પિતાને કેન્સરની બિમારી હોઇ માનવતાના ધોરણે નોકરી ચાલુ રાખવા આદેશ આપવા કોર્ટને રજૂઆત કરેલ.

૫/- ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીયુટ તરફથી ડૉ.સંસ્કાર દવે, સુનાવણીમાં ઉપસ્થિત રહેલ. તેઓએ મૌખિક જુબાનીમાં અને તા.૨૦/૧/૨૦૧૬ના પત્ર ક્રમાંકઃ કેન્સર/ લીગલ/૧૩૭૨૯ થી પરબતસિંહજી રાવલજી રજૂઆત પરત્વે લેખિત જવાબ રજૂ કરેલ. લેખિત જવાબમાં ગુજરાત કેન્સર રીસર્ચઇન્સ્ટીયુટધ્વારા જણાવવામાં આવેલ કે તેઓની સોસાયટી ચેરીટેબલ ટ્રસ્ટ હેઠળનોંધાયેલ છે જે સ્ટેટ હોસ્પિટલ તરીકેનો દરજ્જો ધરાવતી ન હોઇ નામદાર કમિશનરશ્રીને ફરિયાદ ચાલવવાનીહકુમત નથી તેમ જણાવી અરજદારની ફરિયાદ રદ કરવાપાત્ર હોઇ રદ કરવા જણાવેલ. વધુમાં જણાવેલ કે આ કામના અરજદારને તેઓને કામદારનીહેસીંયતથી હોસ્પિટલના કર્મચારી તરીકે કામે રાખેલ નથી. તથા અરજદારને હોસ્પિટલ તરફથી કામની સોંપણી, દેખરેખ કે સુપરવિઝન સોંપવામાં આવેલ નથી કે પગારની કોઇ ચુકવણી કરવામાં આવેલ નથી. અરજદારે હોસ્પિટલ અને સેલ્ફ હેલ્થ ગૃપ, બ્લાઇન્ડ પીપલ, એસોસીએશન, વસ્ત્રાપુર,

અમદાવાદ, વચ્ચે થયેલ કરાર અન્વયે તેમના મુળમાલિકની દેખરેખ હેઠળ ફરજો બજાવી છે અને અરજદારને મહેનતાણું  પણ સદરહુ સેલ્ફ હેલ્પગૃપ તરફથી ચુકવવામાં આવે છે જેથી તેઓને મૌખિક હુકમથી છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અરજદાર ધ્વારાકરાયેલરજુઆત પ્રસ્તુત સંજોગો અને કારણો ધ્યાને લેતાં  હોસ્પિટલને  કબૂલ મંજૂર નથી.

૬/- અંધજન મંડળ અને સ્વંયસિધ્ધા વિકલાંગ ઉત્કર્ષમંડળ તરફથી કોઇ લેખિત/ મૌખિક રજૂઆત મળેલ નથી. અરજદાર ધ્વારા તેઓએ ગુજરાત કેન્સર રીસર્ચ ઇન્સ્ટીટયુટ સોસાયટી પાસેથી વખતોવખત જાહેર માહિતી અધિકાર હેઠળમેળવેલ માહિતી નકલ અને તેઓના એડવોકેટનીતા.૧૪/૧૦/૨૦૧૪ ના પત્રથીઅંધજન વિકલાંગ મંડળ, કેન્સર રીસર્ચઇન્સ્ટીટયુટ મોકલવામાં આવેલ નોટીસનીનકલ રજૂ કરવામાં આવેલ. જે પરત્વેગુજરાત કેન્સર રીસર્ચઇન્સ્ટીટયુટનાતા.૩૦/૧૦/૨૦૧૪ ના પત્રથી તેઓના એડવોકેટશ્રી બ્રિજેશકુમાર સિંધને આપેલ જવાબની નકલ રજૂ કરવામાં આવેલ છે. સદરહુ નોટીસના જવાબમાં કેન્સર રીસર્ચઇન્સ્ટીયુટધ્વારા જણાવવામાં આવેલ છે કે, શ્રી પરબતસિંહ ચંદ્રસિંહ રાવલજી વિકલાંગ ઉત્કર્ષ મંડળ મારફતે આઉટસોર્સથી કામે રાખેલ છે. શ્રી રાવલજી ગુજરાત કેન્સર રીસર્ચઇન્સ્ટીટયુટ કયારેય કર્મચારી હતાં નહીં. જેથી તેઓને ઇન્સ્ટીટયુટમાં ચાલુ રાખવા, પગાર આપવા કે બીજા કોઇ હકક આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતાં નથી.

૭/- ઉપરોકત વિગતે શ્રી પરબતસિંહરાવલજી અને ગુજરાત કેન્સર એન્ડ  રીસર્ચ ઇન્સ્ટીટયુટ ધ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક/ લેખિત જવાબ જોતાં,  આ કેસમાં જણાય છે કે,શ્રી પરબતસિંહરાવલજી ગુજરાત કેન્સર એન્ડ  રીસર્ચઇન્સ્ટીટયુટના કર્મચારી હતાં નહીં  તેઓ સ્વયંસિધ્ધા વિકલાંગ ઉત્કર્ષ મંડળ તરફથી  આઉટસોર્સના ધોરણે ગુજરાત કેન્સર એન્ડ  રીસર્ચ ઇન્સ્ટીટયુટ ખાતે કામગીરી બજાવતાં હતાં  તેઓને વખતોવખત કામગીરીની વહેંચણી સુપરવિઝન, દેખરેખ વગેરે સ્વયંસિધ્ધા વિકલાંગ ઉત્કર્ષ મંડળ ધ્વારા કરવામાં આવેલ. આમ તેઓ  ગુજરાત કેન્સર  એન્ડ રિસર્ચ ઇન્સ્ટીટયુટ, અમદાવાદના કર્મચારી ન હોઇ તેઓનો ચેરીટેબલ ટ્રસ્ટ  હેઠળ નોંધાયેલ

અને ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટયુટ ખાતે નોકરીમાં પુનઃ ચાલુ રહેવા બાબતે કોઇ હકક બનતો નથી.

૮/- ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચઇન્સ્ટીટયુટધ્વારા રજૂ કરવામાં આવેલ જવાબ જોતાં તેઓએ જણાવેલ કે તેઓ સ્વતંત્ર ''હોસ્પિટલ'' હોઇ, તેઓને ભારતીય વિકલાંગ ધારો - ૧૯૯૫ લાગુ પડે નહીં. પ્રસ્તુત બાબતે ઇન્સ્ટીટયુટનું અર્થઘટન યોગ્ય નથી. ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટયુટચેરીટેબલ ટ્રસ્ટ હોવા છતાં સરકારશ્રીધ્વારા સીધા કે અપ્રત્યક્ષ રીતે પણ જુદા હેતુસર ગ્રાન્ટ ઇન એઇડ અથવા સહાય વગેરે સરકારશ્રી ધ્વારા મળવાપાત્ર થાય છે તે સંજોગોમાં ભારતીય વિકલાંગ ધારા- ૧૯૯૫ ની જોગવાઇઓ ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટયુટને લાગુ પડે છે અને તેઓ આ કોર્ટની હકુમત હેઠળ આવે છે જેથી આ કોર્ટની હકુમત નહીં હોવાની તેઓની રજૂઆત ગ્રાહય રાખવામાં આવતી નથી.

૯/- ઉપરોકત વિગતે કેસની સમગ્ર બાબતો ધ્યાને લઇ હું નીચે હુકમ કરૂ છું.

## <u>હુકમ</u>

વિકલાંગ અરજદાર શ્રી પરબતસિંહચંદ્રસિંહરાવલનવો વાસ,પ્રફોલીત સોસાયટી સામે,રખીયાલ ગામ,અમદાવાદ, સ્વયંસિધ્ધા વિકલાંગ ઉત્કર્ષ મંડળ, અમદાવાદ ધ્વારા આઉટસોર્સ થી નીમાયેલ હોઇ તેઓને ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટયુટ ખાતે તા.૧૦/૦૩/૨૦૧૪ થી પુનઃ નોકરીમાં પરત લેવા બાબતની તેઓની રજૂઆતનો અસ્વીકાર કરવામાં આવે છે. પ્રસ્તુત હુકમ સાથે આ કેસનો નિકાલ કરુ છું.

**(સંજય નંદન)**
**કમિશનર**
**વિકલાંગ વ્યકિતઓનાકમિશનરની કચેરી,**
**ગુજરાત રાજય, ગાંધીનગર**

પ્રતિ,

(૧) ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટયુટ,
સીવીલ હોસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ

(૨) નિયામકશ્રી,
અંધજન મંડળ,વસ્ત્રાપુર, અમદાવાદ

(૩) સ્વયંસિધ્ધા વિકલાંગ ઉત્કર્ષ મંડળ ,
અમદાવાદ